# પોટેટો ચિપ્સ લેઝ ગ્રાહકોને તક આપે છે મનગમતી ફ્લેવર નક્કી કરવાની



અમદાવાદ,

વિશ્વ અને ભારતની નંબર વન પોટેટો ચિપ્સ લેઝએ આજે ગીવ અસ યોર ડિલિશિયસ ફ્લેવર કેમ્પેઇનની જાહેરાત કરી હતી. ગીવ અસ યોર ડિલિશિયસ ફ્લેવર અનોખો ગ્રાહકલક્ષી પ્રોગ્રામ છે, જેનો હેતુ લેઝને ભારતીય ગ્રાહક પાસેથી તેની આગામી પોટેટો ચિપ્સ ફ્લેવર મેળવવાનો છે. આ કેમ્પેઇન ગ્રાહકને લેઝમાં તેની પસંદગીની ફ્લેવર મેળવવા સહભાગી બનવાની અને પૈસાદાર બનવાની તક આપશે. વિજેતા ગ્રાહકને રૂ. ૫૦ લાખ ઉપરાંત નવી ફ્લેવરના વેચાણના ટર્નઓવરમાંથી એક ટકા રકમ આપવામાં આવશે. આ ફ્લેવર મે ૨૦૧૦ના અંતમાં બજારમાં લોચ કરવામાં આવશે.

વિજેતાની પસંદગી પ્રતિષ્ઠિત હસ્તીઓ કરવામાં આવશે, જેમાં સેલિબ્રિટી શેફ અને એનડીટીવી ગુડ ટાઈમ્સના એન્કર આદિત્ય બાલ, લેખક અને જેડબલ્યુટીના એક્ઝિક્યુટિવ ક્રિએટિવ ડિરેક્ટર તેમજ વાઈસ પ્રેસિડેન્ટ અનુજ ચૌહાણ અને પેપ્સિકો ઈન્ડિયાના ડાયરેક્ટર (આર એન્ડ ડી) ડો ટી એસ આર મુરલીનો સમાવેશ થાય છે. કેમ્પેઈનનો પ્રારંભ કરતા પેપ્સિકો ઈન્ડિયા (ફ્રિટો-લે ઈન્ડિયા ડિવિઝન) ના માર્કેટિંગ ડાયરેક્ટર દિપિકા વોરિયરે જણાવ્યું હતું કે, ''ભારતમાં સ્વાદની વૈવિધ્યતા જોતાં આ કેમ્પેઈન ચોક્કસપણે રોમાંચક સાબિત થશે. ભારતના લોકો પોતાની વ્યક્તિગત પસંદ, ટેસ્ટ અને ચોઈસ અભિવ્યક્ત કરી શકશે.'' (૧૩-૫)